જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૮/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૦૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી ૮૯ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦ બિટર ટીન અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૮,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૦૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૨ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૦/૧૬**

**વટવાઃ** પ્રવિણભાઇ ગોવિંદભાઇ સથવારા (રહે. મહાવીરનગર સોસાયટી, સુજ્ઞાન સ્કુલની બાજુમા, વિરાટનગર, ઓઢવ) એ તા.૧૭/૮/ ૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૮/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પ્રવિણભાઇ સસરા કાળુભાઇ ઉર્ફે કાંતીભાઇ પરસોત્તમભાઇ ચૌહાણ (ઉ.વ.૪૫) નાઓને ધાંગધ્રા મુકામે થી ભરવાડની દિકરીને કોઇ સથવારાનો છોકરો ભગાડી લઇ ગયેલ છે તે અંગેની કોઇ પણ જાણકારી કાળુભાઈને ન હોવા છતાં પણ આ અંગેની જાણ છે, તેમ માની શકદાર આરોપીઓ (૧) હિરાભાઇ રત્નાભાઇ ભરવાડ (રહે. આશારામ સોસાયટી, ઠક્કરબાપાનગર અમદાવાદ) (૨) અક્ષય હિરાભાઇ ભરવાડ (રહે. આશારામ સોસાયટી, ઠક્કરબાપાનગર અમદાવાદ) (૩) દરબાર વિક્રમસિંહ (રહે. વિરાટનગર વિષ્ણુ કોલોની ઓઢવ અમદાવાદ) (૪) બીજા અજાણ્યા આઠ થી દસ માણસો (જેઓના નામ-ઠામ જાણવા મળેલ નથી) એ ભેગા મળી કાળુભાઈનુ અપહરણ કરી લઇ જઇ ગોંધી રાખી બોથડ પદાર્થથી મૂઢ માર મારી મૃત્યુ નિપજાવી પુરાવાનો નાશ કરવાના ઇરાદે લાશને વટવા સીમ સર્વે નં. ૧૨૭૬ ખેતરના સેઢા પરની ઝાડીઓ ફેંકી દઇ પુરાવાનો નાશ કરવાની કોશિશ કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એચ સરવૈયા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૧/૧૬**

**કાગડાપીઠઃ** નંદાબહેન ભાનુભાઈ મારૂ (રહે.ચૌર્યાસીની ચાલી છીપા કબ્રસ્તાનની સામે મજુરગામ) એ તા.૧૭/૮/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૮/૧૬ થી છ વર્ષ પહેલાના સમયગાળા દરમ્યાન આરોપી (૧) જશોદાબહેન ઈશ્વરભાઈ પરમાર અને (૨) હિરલબહેન ઈશ્વરભાઈ પરમાર (બન્ને રહે. મજુરગામ સોસાયટી) એ ભેગા મળી pacl india limited નામની કંપનીમાં ખાતુ ખોલાવડાવી લોભામણી લાલચ આપી માસીક રૂપિયા ૫૫૦/- લેખે છ વર્ષમાં રૂપિયા ૬૯,૬૦૦/- ભરાવડાવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી બી એલ રોહીત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયા:-** **સમાચાર યાદી નં.૧૫૧૨/૧૬**

**દરિયાપુરઃ** ચેતનાબહેન ભરતભાઈ દલવાડી (ઉ.વ.૫૬) (રહે.સુરગીરી એપાર્ટમેન્ટ વિભાગ-૨ કિરણપાર્ક નવા વાડજ) તા.૧૩/૮/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે દરીયાપુર ચોખાબજાર સેન્ચ્યુરી માર્કેટ નજીકથી પતિ સાથે મોટર સાયકલ પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ ૨૦ થી ૩૫ વર્ષના આશરાના બે પુરૂષ ચેતનાહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચેતનાબહેન દલવાડીએ તા.૧૭/૮/૧૬ નારોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ તંબુ ચોકી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી **ચલાવે છે.**

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૧૫૧૩/૧૬**

**શહેરકોટડાઃ** દિનેશભાઈ શંકરજી ધર્માવત (ઉ.વ.૨૮) (રહે.રણછોડભાઈની ચાલી મેમ્કો ચાર રસ્તા નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૭/૮/૧૬ નારોજ પોતાના ઘરે દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ રતનસિહ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** ભીખાભાઈ બાબુભાઈ વાઘેલા (ઉ.વ.૫૩) (રહે.ગણેશ શેરી સોમેશ્વરનગર વાસણા) એ બે પુત્રીઓ અપરણીત હોઈ મનમાં લાગી આવતા તા.૧૭/૮/૧૬ કલાક ૧૨/૧૫ વાગ્યા પહેલા સરદારબ્રીજ નીચે નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઈ મગનભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)